# બનાસકાંઠામાં ગૌ સેવાના નામે જિલ્લા બહારના તત્વો ઉઘરાણું કરાતું હોવાની રાવ

## વેપારીઓ પાસે ધાક ધમકીથી ફાળો ઉઘરાવતા તત્વો કોણ???

સરહદી બનાસકાંઠા જિલ્લામાં નિરક્ષરતા, જન જાગૃતિનો અભાવ અને બોદી નેતાગીરીના પાપે બહારના તત્વો પણ આવીને જિલ્લાવાસીઓને લૂંટીને જતા રહતા હોવાની રાવ ઉઠી છે. ત્યારે તાજેતરમાં ગૌસેવાના નામે જિલ્લા બહારના કેટલાક તત્વો વેપારીઓ પાસેથી જોર જબરાઈ થી ઉઘરાણું કરતા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

જિલ્લા મુખ્યાલય પાલનપુર ખાતે તાજેતરમાં એક લક્ઝુરિયસ ગાડી લઈને કહેવાતા ગૌ સેવકો ફરી રહ્યા છે. જેઓ વેપારીઓને નિશાન બનાવી તેમની પાસેથી ગૌ ઘાસ માટે જબરજસ્તીથી ફાળા ના નામે ઉઘરાણું કરી રહી હોવાની રાવ ઉઠી છે. જામનગર જિલ્લાના જાંબુડા ગામમાં અન્ન ક્ષેત્ર અને ગૌશાળા ચાલતી હોવાના નામે કેટલાક તત્વો તે સંસ્થાની પાવતીબૂક સહિતનું સાહિત્ય લઈને નીકળી પડ્યા છે. તેઓ આ સંસ્થાના નામે કે તેની જાણ બહાર ગૌસેવાના નામે ઉઘરાણું કરી રહ્યા હોવાની બુમરાણ મચી છે. ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લામાંથી ઉઘરાણું કરતા તત્વોને જિલ્લાના ગૌસેવકો બેનકાબ કરે તેવી માંગ ઉઠી છે.




## ગૌસેવકોની શંકાસ્પદ વર્તણૂક

ગૌસેવાના નામે ઉઘરાણું કરતા તત્વો એક ટ્રક ઘાસના ૩૧ હજાર લેખે ૩ ટ્રકના ૯૩,૦૦૦ની માંગ કરે છે. રકઝકને અંતે ૨ ટ્રક અને અંતે ૧ ટ્રક ઘાસ પર વાત અટકાવનાર કહેવાતા ગૌસેવકો છેવટે ૧૧ હજાર કે ૭૧૦૦ રૂપિયા લેવા પણ તૈયાર થઈ જાય છે. જોકે, આ ગૌસેવકો ચેક લેતા નથી કે દાન સીધુ સંસ્થામાં જમા કરાવવા માટે તેમની સંસ્થાનો એકાઉન્ટ નંબર પણ આપતા નથી. તેઓ રોકડામાં જ વિશ્વાસ રાખે છે. વળી, આ લોકો ૫ હજાર ઉપરની રકમની પાવતી પર રેવન્યુ સ્ટેમ્પ પણ લગાવતા નથી. જેવી અનેક હરકતો શંકા પ્રેરે તેવી છે. ત્યારે જિલ્લાના ગૌસેવકો સહિત તંત્ર આવા લેભાગુ તત્વોને બેનકાબ કરે તેવી માંગ ઉઠી છે.

# તલોદ કોલેજમાં પીવાના પાણીના મામલે વિદ્યાર્થીઓની હડતાલ

તલોદ, તા. ૨૩

ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એવી સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતેની આર્ટસ-કોમર્સ કોલેજ વિદ્યાર્થીઓ માટે પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા નહિ હોવા બાબતે તથા સેનીટેશનની પણ સુવિધાનો અભાવ હોવા બાબતે કોલેજના વિદ્યાર્થીઓએ સંગઠનના નેજા હેઠળ દેખાવો કરી આક્રોશની લાગણી વ્યક્ત કરી તલોદ કોલેજ બંધના એલાનને સફળ બનાવવા કોલેજના મુખ્ય પ્રવેશદ્વારને એનએસયુઆઈના હોદ્દેદારોએ બંધ કરી દઈને સૂત્રોચ્ચાર કરી તેઓને પડતી આપદા સંદર્ભે વહિવટદાર ડૉ. જગદિશ પટેલ સમક્ષ રાવ નાખી હતી. આ કોલેજમાં અંદાજીત ૬૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ નોંધવા પામેલ છે. જેઓને યોગ્ય એવી તમામ સુવિધાઓ સંસ્થા પુરી પાડે તે માટે તેઓના સંગઠન એનએસયુઆઈએ પોતાના તેવર તેજ કર્યા છે. જેના પ્રથમ ચરણરૂપે આજે ૧ દિવસીય બંધનું એલાન આપવામાં આવ્યુ હતુ.



ઉલ્લેખનીય છે કે તલોદ કોલેજમાં અવનવા હેડ નીચે વિદ્યાર્થીઓ પાસેથી તગડી ફી વસુલ કરવામાં આવે છે તે સામે સુવિધા નહિવત છે. તેમાંય પીવાના પાણીની સમસ્યા અહી વધુ ગંભીર બાબત ભાસી રહી છે. ટાંકીના ગંદા પાણીના વપરાશને કારણે પાણીજન્ય રોગચાળો વિદ્યાર્થીઓને ભરડામાં લેશે તેવી દહેશત ઉદ્‌ભવી છે. તેમજ અહીં વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે ટોઈલેટ-બાથરૂમની વ્યવસ્થા પણ નથી.

બીજી તરફ કોલેજમાં લાખો રૂપિયાના ખર્ચે બેરોકટોક બાઉન્ડ્રી વૉલ અને પ્લાસ્ટર ઓફ પેરીસના કામ પાછળ આંધણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે મિનરલ પ્લાન્ટ માટે કેમ ઠાગાઠૈયા? તેવા અનેક સવાલો આજે વિદ્યાર્થી સંગઠને પ્રિન્સિપાલ અને વહિવટદાર ડૉ. જગદિશ પટેલને કરીને હાયકારા સહિતના સૂત્રોચ્ચાર પણ કર્યા હતા.



ભિલોડા જન સેવા સંઘ સંચાલિત જન સેવા અંગ્રેજી અને ગુજરાતી મીડીયમ સ્કુલમાં ડિઝીટલ અદ્યતન ક્લાસરૂમનો ઉદ્‌ઘાટન સમારંભ શુક્રવારના રોજ યોજાયો હતો. ડિઝીટલ અદ્યતન ક્લાસરૂમના ઉદ્‌ઘાટક રામઅવતાર પી.શર્મા, સામાજીક કાર્યકરના વરદ્ હસ્તે યોજાયો હતો. આ પ્રસંગે જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, ભરતભાઈ ત્રિવેદી, શંભુભાઈ ત્રિવેદી, વાલી મંડળ પ્રમુખ વિકાસભાઈ એ.ચૌહાણ, સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.

## મોડાસાના ભૂતપૂર્વ મેયર આફતાબ દુરાની ૨૫ કોંગ્રેસી કાર્યકરો સાથે ભાજપમાં જોડાયા

મોડાસા, તા.૨૩

અરવલ્લી સહિત ત્રણ જિલ્લાઓનું આજરોજ મોડાસામાં પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં યોજાયેલ સંમેલનમાં મોડાસાના ભૂતપૂર્વ મેયર અને કોંગ્રેસી કાર્યકર આફતાબ દુરાની સહિત ૨૫ થી વધુ કાર્યકરો ભાજપમાં જોડાઈ ગયા હતા.

મોડાસાના આ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ જીતુભાઈએ ખેસ પહેરાવીને આફતાબ દુરાની અને સાથી કાર્યકરોને ખેસ પહેરાવી પક્ષમાં આવકાર્યા હતા.

આ સંમેલનમાં પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ,પ્રદેશ પ્રવકતા ભરત પંડ્યા વગેરે પ્રદેશના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગર ખાતે ત્રિ-દિવસીય ક્લાઈમેટ ચેન્જ વિષય પર પ્રદર્શનનો પ્રારંભ

હિંમતનગર, તા. ૨૩

ગ્લોબલ વાર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની વૈશ્વિક સમસ્યાનો અસરકારક ઉકેલ લાવવા ગુજરાત રાજ્ય કટીબધ્ધ છે. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટી દ્વારા ૨૦૦૯માં ગુજરાત રાજ્યે અલાયદા ક્લાઈમેટ ચેન્જ વિભાગની સ્થાપના કરી છે. આ વિભાગ હાલમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના સીધા માર્ગદર્શનમાં રાજ્યમાં પુનઃ પ્રાપ્ય ઊર્જાના વ્યાપક ઉપયોગ તથા ક્લાઈમેટ ચેન્જની જટીલ સમસ્યાના સમાધાન માટે રાજ્યના વિવિધ વિભાગો તથા પ્રજાજનો સાથે મળીને સક્રીય કામગીરી કરી રહ્યો છે. ક્લાઈમેટ ચેન્જ વિષયની વૈજ્ઞાનિક માહિતી અને વિભાગની યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચે તે હેતુથી રાજ્યના દરેક જિલ્લાઓમાં ત્રિ-દિવસીય પ્રદર્શનનું આયોજન કરેલ છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં આજથી પ્રદર્શન ૨૩ થી ૨૫ જૂન ૨૦૧૭ના રોજ સવારે ૧૦ થી ૫ કલાક દરમિયાન ઉમીયા સમાજવાડી ખાતે યોજાનાર છે જે પ્રદર્શનને હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા ખુલ્લુ મુકશે.

જિલ્લાના યુવાનો, મહિલાઓ, બાળકો વગેરેને આ પ્રદર્શનની મુલાકાત લેવા ખાસ ભલામણ છે. આ પ્રદર્શનની સાથે રહેણાંક મકાનો પરની સોલાર રૂફટોપ યોજનાની અને તે અંગે રાજ્ય સરકારની સબસીડીની વિગતો પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## ભેટાલી ગામ અને રાજપુત સમાજનું ગૌરવ

ભિલોડા, તા.૨૩

ભિલોડા તાલુકાના ભેટાલી ગામના રહેવાસી ગુણવંતસિંહ



એસ.ચંપાવત, પ્રિન્સિપાલ ઠા.ગો.શ્રેયસ વિદ્યાલય, વડાગામનો સુપુત્ર ગુરૂદત્તસિંહ ગુણવંતસિંહ ચંપાવત ચાલું વર્ષે યોજાયેલ જી.ટી.યુ.ની ફાયનલ પરીક્ષામાં ૯૦ ટકા સાથે ઉતીર્ણ થઈ અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના ભેટાલી ગામ અને રાજપુત સમાજનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે.



પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૩૦ જૂનના રોજ મોડાસા ખાતે આવવાના છે. તેની પૂર્વ તૈયારી માટે પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ, પ્રદેશ મહામંત્રી કે. સી. પટેલ, પ્રદેશ પ્રવક્તા ભરત પંડયા, પ્રદેશમંત્રી હર્ષદગીરી, ઉપાધ્યક્ષ જયસિંહજી, જિલ્લા અધ્યક્ષ રણવીરસિંહ સહિત સરકારી અધિકારીઓ કાર્યક્રમ સ્થળે ગયા હતા જ્યાં વાતચીત કરતા નજરે પડે છે.

## બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં યોગ દિવસની ઉજવણી કરાઈ

ભિલોડા,તા.૨૩

બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ મુંબઈ સંચાલિત સ્વ.એસ.એચ.જોષી અને બી.કે.જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં સેમેસ્ટર ૧-૩-૫ ના તમામ વિદ્યાર્થીઓ, બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ પ્રમુખ ચીમનભાઈ પંડ્યા, પુર્વ પ્રમુખ ભાનુભાઈ પંડ્યા, ઉપપ્રમુખ દુર્ગાશંકર જોષી, કોલેજ પ્રિન્સિપાલ કલ્પનાબેન પટેલ, સ્ટાફ પરીવારની ઉપસ્થિતીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન વિશાલભાઈ જોષીએ કર્યું હતું.

# મોડાસા બસ સ્ટેન્ડમાં પાકીટમાર શોધવા જતાં બસમાંથી દારૂની બોટલ પોલીસને મળી

મોડાસા, તા. ૨૩

મોડાસાના આંગણે ટુંક સમયમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવી રહ્યા છે તેવા સમયે મોડાસા શહેરમાં રોજ-બરોજ ઘટનાઓ બની રહી છે. જ્યારે મોડાસા બસસ્ટેન્ડમાં પાકીટમાર, ચેઈનસ્નેચરનો અસામાજીક તત્વો અડ્ડો બની રહ્યા છે. તેનાથી મુસાફરો રોજ-બરોજ આવા લુખ્ખા તત્વોનો ભોગ બને છે. ત્યારે મોડાસા બસસ્ટેન્ડમાં ગુરૂવારે સાંજના સુમારે મોડાસાનો જયેશ પટેલ નામનો યુવાન અમદાવાદ કામકાજ અર્થે જવા નિકળ્યો હતો અને મોડાસા બસસ્ટેન્ડમાં ઉભેલી લોકલ મોડાસા-અમદાવાદ બસમાં બેસવા જતા જ પાછળથી તકની રાહ જોઈને ઉભેલા પાકીટમારે પેન્ટના ગજવામાં રહેલુ પાકીટ તફડાવી ફરાર થઈ જતા યુવાનને પાકીટ ચોરાયુ એવુ જાણ થતા બસ અટકાવીને બસસ્ટેન્ડમાં આવેલી લિયો પોલીસ ચોકીમાં જાણ કરતા ત્યાં પોલીસ ચોકી ઉપર ફરજ બજાવતા પોલીસકર્મીમાં બસ ઉપર જઈને તપાસ હાથ ધરી હતી. ત્યારે




પાકીટ કે પાકીટમારના બદલે બસની છેલ્લી સીટના ઉપર ટાકેલા માલસામાન મુકવાના કેરીયર ઉપરથી નધણીયાત હાલતમાં પડેલી જિન ભરેલી વિદેશી દારૂની બોટલ મળી આવતા બસમાં બેઠેલા ૩ થી વધુ શંકામંદ લોકોની બસમાં પૂછપરછ કરીને પોલીસે દારૂની બોટલ જપ્ત કરી અને બસને જવા દેવાતા આનાથી પોલીસ કર્મીઓની કામગીરીથી લોકોને આશ્ચર્ય થયુ હતુ.

બસમાંથી વિદેશી દારૂની બોટલ મળી છતા પોલીસે બસ ડ્રાઈવર કે કંડકટરની સામે કાયદેસરની કાર્યવાહી ના કરતા બસમાં બેઠેલા મુસાફરોમાં ચર્ચા જાગી. કેટલાક બુટલેગરો અને દેશીદારૂની ભઠ્ઠી ચલાવતા અડ્ડાવાળા દારૂની હેરાફેરી કરવામાં એસટી બસનો દૂર ઉપયોગ કરવામાં આવતો હોવાની અને બસ ડ્રાઈવરો અને કંડકટરોની મીલીભગત પણ હોવાની ચર્ચાઓ લોક મુખે થવા માંડી છે. વર્ષો અગાઉ પણ મોડાસા બહારથી આવતી બસોના ડ્રાઈવરો અને કંડકટરો માટે રાત્રી રોકાણ માટે બનાવેલ હોલમાં દારૂની મહેફીલ જમાતી હોવાની અને ઢાબા ઉપરથી દારૂ અને બિયરની ખાલી બોટલો મળી આવી હતી. ત્યારે મોડાસા-અમદાવાદ જતી બસમાંથી વિદેશી દારૂની બોટલ બિનવારસી હાલતમાં મળી આવેલના કારણે એસટી તંત્ર અને પોલીસતંત્ર સામે અનેક સવાલો પેદા કરે છે.

# મેલેરીયા મુક્ત ગુજરાત વિઝન-૨૦૨૨ અંતર્ગત આરોગ્ય વિભાગની જનજાગૃતિ માટે બાઈક રેલી

મોડાસા, તા. ૨૩

રાજ્ય સરકારના મેલેરીયા મુક્ત ગુજરાત વીઝન-૨૦૨૨ અંતર્ગત અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા મેલેરીયાના ઉત્પન્ન સ્થાનોને નાશ કરવાની અને ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી મચ્છરજન્ય રોગચાળા સામે જાગૃતિ કેળવવા અંગે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

મોડાસા શહેરમાં અરવલ્લી જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ વર્માના માર્ગદર્શન અને સૂચના હેઠળ મોડાસા આરોગ્ય વિભાગ દ્વારા મોડાસા તાલુકામાં સમાવિષ્ઠ આરોગ્ય કર્મીઓ સાથે મોડાસા શહેરના વિસ્તારોમાં ડૉ. યજ્ઞેશ નાયક (બી.એચ.ઓ.) મેલેરીયા વિરોધી માસની ઉજવણી શરૂ કરવામાં આવી છે. તા. ૨૩ના રોજ જનજાગૃતિ બાઈક રેલી યોજાઈ



હતી. આ બાઈકરેલી મોડાસા શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. જેમાં સૂત્રોચ્ચાર તેમજ પ્રચાર પત્રીકાનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. તદ્‌ઉપરાંત મોડાસા તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા આ ટીમો બનાવીને પોરાનાશક કામગીરી કરવામાં આવી રહી છે. મોડાસામાં જુદા જુદા સ્થળો પર ભંગારનો સામાન તથા નકામા ટાયરો ખુલ્લામાં રાખતા ભંગાર વેપારીઓ તથા ટાયર પંચરવાળાઓની યાદી તૈયાર કરીને ભંગારના સામાન તથા ટાયરના વરસાદી પાણી ભરાઈ તેમાં મચ્છરોની ઉપદ્રવ ના થાય તે માટે આ વ્યવસાય સાથે સંકળાયેલા લોકોમાં જનજાગૃતિ ફેલાવવામાં આવશે. મોડાસા શહેરમાં ગંદા પાણી ભરાઈ રહેતા હોય તેવા સ્થળોએ દવાઓના છંટકાવની કામગીરી હાથ ધરવાની સાથે મોડાસા શહેર અને તાલુકાને મેલેરીયા મુક્ત બનાવવા સતત પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા.

## મોડાસાની શ્રીમતી વી.વી. શાહ એમ.એસ.સી. કોલેજમાં પ્રવેશોત્સવ યોજાયો

મોડાસા, તા. ૨૩

ધી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસા સંચાલિત વી.વી. શાહ એમ.એસ.સી. (સી.એ. એન્ડ આઈ.ટી.) કોલેજ દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના આચાર્ય પરિમલ એમ. શાહ દ્વારા વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. વિદ્યાર્થીઓને સંસ્થાની તથા કેમ્પસની તેમજ અભ્યાસક્રમની માહિતી પુરી પાડી હતી. કોલેજના પ્રભારીમંત્રી અરવિંદભાઈ જે. મોદીએ વિદ્યાર્થીઓને આર્શીવચન પાઠવ્યા હતા. પ્રભારી મંત્રી સુરેન્દ્રભાઈ જે. શાહે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમની કીટ આપવામાં આવી. કાર્યક્રમની આભારવિધિ પ્રા. આકાશગીરી જે. ગોસ્વામી દ્વારા કરી હતી. આ કાર્યક્રમનું આયોજન પ્રા. ભૌમિક એચ. કોઠારી દ્વારા કરવામાં આવ્યુંહતું.



## ખેડબ્રહ્મામાં નિશુલ્ક નોટબુકનું વિતરણ કરાયું

ખેડબ્રહ્મા શહેર યુવા ગૃપ દ્વારા નોટબુકો તેમજ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યુ. આજરોજ ગુહેલ ગામની સ્કૂલમાં ગરીબ બાળકોને વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુલ ૨૮૦૦૦ નોટો અને ૮૦૦૦ ચોપડાનું વિતરણ આ ગૃપ દ્વારા કરવામાં આવશે તેવુ જણાવવામાં આવ્યું છે.

## ભાટીયા વાળંદ બારેશી સમાજના હોદ્દેદારોની નિમણુંક

ભિલોડા,તા.૨૩

ભાટીયા વાળંદ બારેશી સમાજની જનરલ સભા કુળદેવી જ્વાલા માતાજી મંદીર ખાખ ચોક,હિંમતનગર ખાતે યોજાઈ હતી.આવક,જાવકના હિસાબો, ગત વર્ષ દરમ્યાન થયેલ ઠરાવોનું વાંચન,કેળવણી વિષયક મુદ્દાઓ પર ચર્ચા-વિચારણાઓ કરાઈ હતી. કારોબારી સમિતીની સમય મર્યાદા પુર્ણ થઈ હોવાથી નવિન ટર્મ માટે કાર્યકરો, હોદ્દેદારોની નિમણુંક જનરલ સભામાં કરાઈ હતી.

ભાટીયા વાળંદ બારેશી સમાજ પ્રમુખ પદે જીતેન્દ્રકુમાર ચીમનલાલ ભાટીયા(મુનાઈ, તા.ભિલોડા એડવોકેટ-નોટરી), ઉપપ્રમુખ અતુલભાઈ ભોગીલાલ ભાટીયા(મહેસાણા), મંત્રી સોમાભાઈ શંકરલાલ ભાટીયા(મુડેટી), સહમંત્રી અશોકભાઈ ભાટીયા(ઈડર), ખજાનચી કમલેશભાઈ અંબાલાલ ભાટીયા(ઈડર), સહખજાનચી ભાવેશભાઈ ગોવિંદભાઈ ભાટીયા(મહેસાણા) સહિત હોદ્દેદારો અને કારોબારી સભ્યોની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવતાં ભાટીયા વાળંદ બારેશી સમાજમાં આનંદની લાગણી પ્રસરી હતી.

નવિન કારોબારીએ સમાજના ઉત્થાન અને વિકાસ માટે ભેદભાવ ભુલીનેપરીણામલક્ષી કામગીરી કરવાની જ્ઞાતિજનોને બાંહેધરી આપી હતી.

## પ્રાંતિજ માર્કેટયાર્ડ ખાતે બીએસએનએલ વર્કશોપ યોજાયો

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે બીએસએનએલ દ્વારા વર્ષ ૨૦૧૭નો પ્રથમ કન્ઝ્યુમર એજ્યુકેશન વર્કશોપ યોજાયો હતો. પ્રાંતિજ માર્કેટયાર્ડ ખાતે વર્કશોપ યોજાયો હતો જેમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના બીએસએનએલના વડા શ્રવણકુમાર, જર્નલ મેનેજર હિંમતનગર , ગ્રાહક સમિતિના પ્રમુખ ડાં. કશ્યપનાથ સહિત પ્રાંતિજ સહિત તાલુકામાંથી અને બીએસએનએલ ગ્રાહકો પદા-અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં જયારે બીએસએનએલના વડા શ્રવણકુમાર દ્વારા બીએસએનએલ દ્વારા લેન્ડલાઈન, બ્રોડબેન્ડ તથા મોબાઈલ શ્રેત્રમાં આવનાર ભવિષ્યમાં લાગુ કરનાર વિકાસ કાર્યોની તેમજ વર્તમાનના કાર્યક્રમ વિશે વિગતવાર માહિતી આપી હતી.